# વૃક્ષગંગા અભિયાન : ગાયત્રી શક્તિપીઠ-બાયડ દ્વારા ચોઈલા પ્રા.શાળામાં વૃક્ષારોપણ

## બોરસલીના ૧૬ રોપાનું વાવેતર કરાયું





બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

ગાયત્રી પરિવાર હરિદ્વાર પ્રેરિત વૃક્ષ ગંગા અભિયાન હેઠળ ગાયત્રી શક્તિપીઠ-બાયડ દ્વારા ચોઈલા પ્રા. શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં ગાયત્રી પરીજનોએ શાળા નં.૧ માં બોરસલીના ૧૬ રોપા વાવી વૃક્ષ ગંગા અભિયાનને વેગવંતુ બનાવ્યું છે. વરસાદ ખેંચાતાં આમ પ્રજામાં વૃક્ષારોપણનો ઉત્સાહ મૂરઝાયો છે પરંતુ ગાયત્રી પરિજનો દ્વારા ગામડે ગામડે વૃક્ષ ગંગા અભિયાનના માધ્યમથી પ્રેરણાદાયી વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે.

સામાજીક ચેતના જગાવવામાં હંમેશાં ગાયત્રી પરિવારનું મહત્વનું યોગદાન રહ્યું છે. ગાયત્રી યજ્ઞો તેમજ વ્યસન મુક્તિના કાર્યક્રમોથી અસંખ્ય પરિવારોને આધ્યાત્મિક ચેતનાનો અનુભવ થયો છે. વૈદિક સંસ્કૃતિનો વ્યાપ વધારવાની સાથે પર્યાવરણ પ્રત્યે પણ ગાયત્રી પરિજનો હંમેશ તૈયાર રહેતા હોય છે. બાયડ ગાયત્રી શક્તિપીઠ દ્વારા તા.૧૭ના રોજ વૃક્ષ ગંગા અભિયાન હેઠળ પ્રાથમિક શાળા નં.૧ માં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો જેમાં ગાયત્રી શક્તિપીઠ-બાયડના પ્રમુખ ભરતભાઈ ઉપાધ્યાય, સ્નેહ પંચાલ, ચંદુભાઈ પટેલ, સુખદેવગીરી ગોસ્વામી ઉપરાંત શાળા સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. ગત વર્ષે ગાયત્રી શક્તિપીઠ-બાયડ દ્વારા ૫૦૦ થી વધુ બોરસલીના રોપાનું વાવેતર કરવામાં આવ્યા પછી આ વર્ષે પણ ચોઈલા પ્રા.શાળામાં ૧૬ બોરસલીના રોપા વાવી વૃક્ષ ઉછેરનો સંકલ્પ લેવામાં આવ્યો છે.

# બકરી ઈદની આડમાં પશુઓની ગેરકાયદે હેરાફેરી વધી...

## જિલ્લાના માર્ગો ઉપર ક્રૂરતાપૂર્વક પશુ ભરીને દોડતાં વાહનોની સંખ્યા બમણી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં બકરી ઈદની આડમાં પશુઓની ગેરકાયદે થતી હેરાફેરીમાં આશ્ચર્યજનક રીતે વધારો થયો છે. કુરબાની માટે લઈ જવાતા જાનવરો તો ઠીક પરંતુ ગેરકાયદેસર કતલખાનામાં ધકેલવા માટે પશુઓને ક્રૂરતાપૂર્વક વાહનોમાં ઠાંસી ઠાંસીને ભરવામાં આવી રહ્યાં છે. માર્ગો ઉપર કોઈપણ પ્રકારની રોકટોક વગર પશુઓ ભરી દોડતાં વાહનોની સંખ્યા બમણી થઈ છે. બકરી ઈદ માટે કાયદેસર રીતે પશુઓની હેરાફેરી સામે કોઈનેય વાંધો હોઈ ન શકે પરંતુ કુરબાનીની આડમાં પશુઓને કતલખાનામાં ધકેલવાનો ધંધો ફૂલ્યો ફાલ્યો છે.



જિલ્લામાં કેટલાય સમયથી પશુઓની હેરાફેરીમાં કાયદાઓને નેવે મૂકવામાં આવી રહ્યા છે. કાયદેસરના કતલખાના કરતાં ગેરકાયદે ધમધમતાં કતલખાનાઓમાં કાયદાના ડર વગર અબોલ જીવોની કત્લેઆમ થઈ રહી છે. તાજેતરમાં અરવલ્લી પોલીસ તંત્ર દ્વારા મોડાસાના ચોક્કસ વિસ્તારમાંથી ગેરકાયદેસર રીતે કતલ માટે ગોંધી રખાયેલા અબોલ જીવોને મુક્ત કરવાની ઘટના તાજી છે ત્યાં માર્ગો ઉપર પશુઓની ગેરકાયદે હેરાફેરીમાં નોંધપાત્ર વધારો થયો છે. બકરી ઈદનો તહેવાર નજીકમાં હોવાથી કેટલાક ચોક્કસ તત્વો કુરબાનીની આડમાં ગેરકાયદેસર પશુઓની હેરાફેરીથી કમાણી કરવા માટે મેદાને પડ્યા છે. હાઈવે માર્ગો ઉપર રોકટોક વગર આવાં વાહનો દોડવા લાગ્યાં છે. ખેત ઉપયોગી પશુઓની સાથે દૂધાળા પશુઓ વાહનમાં લઈ જવા ઉપર કાયદેસરની મંજૂરી જરૂરી છે પરંતુ બકરી ઈદની આડમાં પશુઓને ક્રૂરતાપૂર્વક વાહનોમાં ભરવામાં આવી રહ્યાં છે. પોલીસે બાતમીના આધારે પશુઓ ભરેલાં વાહનો જપ્ત કરી પશુ ક્રૂરતા ધારા હેઠળ આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી અગાઉ હાથ ધરી છે પરંતુ હમણાંથી પોલીસે રીતસરનાં આંખ મિચામણાં કર્યાં છે. એકમાત્ર મોડાસામાં ઉચ્ચ પોલીસ અધિકારીના માર્ગદર્શન હેઠળ કતલખાને જતાં પશુઓને બચાવી લેવાની નેત્ર દિપક કામગીરી થઈ શકી છે પરંતુ અન્ય વિસ્તારોમાં બકરી ઈદ ટાણે પશુઓની ગેરકાયદેસર હેરાફેરીમાં ચોંકાવનારો વધારો થયો છે.

# ગુંદરી ચેકપોસ્ટે ચોખાના કટાની આડમાં વિદેશી દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ

પાંથાવાડા, તા.૧૭

પાંથાવાડા પોલીસ ગુંદરી ચેકપોસ્ટ ખાતે વાહન ચેકીંગમાં હતી.તે દરમ્યાન મંડાર (રાજ.) તરફથી એક ટ્રક (નં.પીબી ૩૦એફ ૯૭૯૯)






આવતા તેની પાછળ બોડીના ભાગે રસ્સીથી તાડપતરી બાંધેલ હતી. જેથી તેને ઉભી રખાવી તેના ચાલકને ટ્રકમાં શુ ભરેલ છે ? તે બાબતે પૂછતાં ચોખાની કણકી ભરેલ હોવાનું જણાવ્યુ હતું. જેથી ટ્રક શંકાસ્પદ જણાતાં

**પાંથાવાડા પોલીસે કુલ રૂ.૨૩,૩૧,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો: પરપ્રાંતિય બે અને એક શામળાજીના આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી**

પોલીસે ટ્રક ઉપર ચડી તેની રસ્સી ખોલી તાડપતરી હટાવી જોતા ચોખાની કણકીના કટ્ટાઓ ભરેલ હતા પણ કટ્ટાઓ હટાવી જોતા કટ્ટાઓ નીચે ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલો નંગ- ૨૮૩૨ (કિ.રૂ. ૧૩,૨૬,૦૦૦) તથા ટ્રક (કિ.રૂા.૮,૦૦,૦૦૦), તથા મોબાઈલ ફોન (કિ.રૂ.૫૦૦) તથા ચોખાની કણકીના કટ્ટા નંગ - ૨૦૦ (કિ. રૂ.૨,૦૪,૦૦૦) તથા તાડપતરી રસ્સી (કિ.રૂ.૫૦૦) એમ મળી કુલ રૂા.૨૩,૩૧,૦૦૦ ના મુદામાલ સાથે ટ્રક ચાલક મિથલેશ પ્રમોદ પ્રસાદ પાંડે (બ્રાહ્મણ) મૂળ રહે. ભુમીયારામ તા. શંભુગંજ જી.ભાગલપુર (બિહાર) હાલ રહે. ધરમનગરી ગલી નં-૬ અબોહર તા. અબોહર જી. ફાજીલીકા (પંજાબ) તથા માલ ભરાવનાર લકી બિલ્લા રાજપૂત (રહે. બલવાના તા.અબોહર જી. ફાજીલીકા (પંજાબ)તથા શામળાજી (ગુજરાત) મુકામે માલ લેવા આવનાર ઈસમ વિરુદ્ધ પોલીસે પ્રોહીબીશન એકટ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

# પ્રાંતિજ ખોડીયાર કુવા ખાતે અંબાજી માતાના મંદિરનો પાટોત્સવ યોજાયો

પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખોડીયાર કુવા ખાતે આવેલ અંબાજી માતાના મંદિરનો ૨૨ મો પાટોત્સવની ધજારોહણ તેમજ આરતી સાથે સાંદગી પૂર્વક ઉજવણી કરવામા આવી.





પ્રાંતિજ ના ખોડીયાર કુવા ખાતે આવેલ અંબાજી માતાના મંદિરનું નિર્માણ અષાઢ સુદ આઠમ ના પવિત્ર દિવસે આ વિસ્તારના ધર્મપ્રેમી લોકોના સહિયોગ થી અંબાજી માતાના એક નાનકડા મંદિરનું ભક્તિભાવ પૂર્વક નિર્માણ કરવામા આવ્યુ હતુ અને ત્યારથી દરવર્ષે આ પવિત્ર દિવસે માતાજીના પાટોત્સવની ધામધૂમ થી ઉજવણી કરવામા આવે છે પણ છેલ્લા બે વર્ષ થી કોરોનાને લઈ ને સાંદગી પૂર્વક ઉજવણી કરવામા આવે છે ત્યારે માત્ર ધજારોહણ તથા આરતીનુ આયોજન કરવામા આવ્યુ હતુ અને સાંદગી પૂર્વક પાટોત્સવ ની ઉજવણી કરવામા આવી હતી.

# ઈન્દ્રાણ ગ્રામ પંચાયતના કોમ્પ્યુટર રૂમના તસ્કર ત્રાટક્યા...!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

બાયડ તાલુકાની ઈન્દ્રાણ ઈ-ગ્રામ પંચાયતના કોમ્પ્યુટર રૂમમાં રાત્રિના સમયે ત્રાટકી તસ્કરો રૂા.૨૮,૦૦૦ની કિંમતનાં કોમ્પ્યુટર ઉપકરણો ચોરી પલાયન થઈ જતાં ઈ-ગ્રામ પંચાયતની ઓનલાઈન કામગીરી ખોરંભે પડી શકે છે. તસ્કરો પ્રિન્ટર, સ્કેનર, લેમિનેશન મશીન, થમ્બ મશીન તેમજ વેબ કેમેરા સહિતની ચીજવસ્તુઓ ચોરી ગયા હોવાથી સાઠંબા પોલીસે તસ્કરીનો ભેદ ઉકેલવા માટે એફ.એસ.એલ. તેમજ ડૉગ સ્કવોર્ડની મદદ લીધી છે.

**રૂા.૨૮,૦૦૦નાં ઈ-ગ્રામના કોમ્પ્યુટર ઉપકરણો ચોરાયાં : ઈ-ગ્રામ પંચાયતની કામગીરી ખોરવાઈ**

પોલીસની ઘોર નિષ્ક્રિયતાથી ઘરફોડ ચોરીના બનાવો શરૂ થતાં પ્રજાની ઉંઘ ઉડી છે. નાઈટ પેટ્રોલીંગના દાવા વચ્ચે તસ્કરોએ માથું ઉંચક્યું છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં તસ્કર ટોળકીએ પોલીસને પડકાર ફેકયો છે. અત્યાર સુધી રહેણાંક મકાનોમાં તસ્કરો ત્રાટકી પ્રજાની માલમત્તા ઉઠાવી જતા હતા પરંતુ હવે પંચાયત ઘર પણ અસલામત બન્યાં છે. ગત રાત્રિએ તાલુકાના ઈ-ગ્રામ પંચાયતના કોમ્પ્યુટર રૂમના દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશેલા તસ્કરો ઓનલાઈન કામગીરી માટે રાખવામાં આવેલા કોમ્પ્યુટર ઉપકરણો ઉસેડી પલાયન થઈ ગયા હતા. બીજા દિવસે કોમ્પ્યુટર ઉપકરણોની જરૂરીયાત સમયે મહત્વનાં સાધનો ચોરાઈ ગયાં હોવાનું જણાઈ આવ્યું હતું. ગ્રામ પંચાયતમાં હાલનો વહીવટ મદદનીશ તાલુકા વિકાસ અધિકારી નિલ્પાબેન પટેલ-બાયડ હસ્તક હોવાના કારણે ચોરી અંગે તેમને જાણ કરવામાં આવી હતી. જેમાં ઈ-ગ્રામ કામગીરીને લગતા કોમ્પ્યુટર ઉપકરણોની ચોરી થઈ હોવાથી સાઠંબા પોલીસને જાણ કરવામાં આવી છે. બનાવ અંગે સાઠંબા પોલીસે તસ્કરીનો ભેદ ઉકેલવા માટે એફ.એસ.એલ. તેમજ ડૉગ સ્કવોર્ડને સ્થળ ઉપર બોલાવી તસ્કરોનું પગેરૂ મેળવવા માટે પ્રયાસ શરૂ કર્યા છે.

# પ્રાંતિજ ખાતે બકરી ઈદને લઈને શાંતિ સમિતિની બેઠક યોજાઈ





પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ પોલીસ સ્ટેશન માં બકરી ઈદ ને લઈને પ્રાંતિજ પી.આઈ એચ.એફ.ત્રિવેદી દ્વારા શાંતિ સમિતિ ની બેઠક નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં નગરના અગ્રણીઓ વેપારીઓ વિવિધ કોમના આગેવાનો સહિત હિન્દુ મુસ્લિમ આગેવાનો સહિત ની બેઠક યોજાઈ.

પ્રાંતિજ ખાતે દર વર્ષની જેમ આવર્ષે પણ પ્રાંતિજ પોલીસ સ્ટેશનના નવા નિમાયેલા પી.આઈ એચ.એફ ત્રિવેદી ની અધ્યક્ષતામા શાન્તિ સમિતિની બેઠક પોલીસ સ્ટેશન ખાતે યોજાઈ હતી જેમા આવનાર બકરી ઈદને લઈને ચર્ચાઓ સહિત હિન્દુ મુસ્લીમ સમાજ ની એકતા જળવાઈ રહે તે માટે બન્ને સમાજના આગેવાનો સહિત ચર્ચાઓ યોજાઈ હતી જેમાં યોગેશભાઈ રાવલ, સફીભાઈ, શહીદ ભાણાવાલા, નટુભાઈ બારોટ, રાણા વકીલ સહિત વેપારીઓ તથા હિન્દુ મુસ્લીમ આગેવાનો સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને પ્રાંતિજ સહિત તાલુકા મા શાન્તી અને એકતા જળવાઈ તે માટે ની ચર્ચાઓ કરવામા આવી હતી.

# અરવલ્લી જીલ્લામાં વર્ષાઋતુ દરમ્યાન વરસાદથી પૂર તથા વિજળી પડવાના સાવચેતીના પગલા ભરવા

ભિલોડા,તા.૧૭

ગુજરાત રાજ્યમાં વર્તમાન સમયમાં ચોમાસું ચાલી રહ્યું છે.જેમાં વારંવાર વરસાદ પડતો જ હોય છે. જે અંતર્ગત અરવલ્લી જીલ્લામાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. જેના આધારે અરવલ્લી જીલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ડીઝાસ્ટર મેનેજમેન્ટ શાખા દ્વારા જીલ્લામાં વર્ષાઋતુની સીઝન ચાલી રહી છે. જેને ધ્યાને લઈને ભારે વરસાદથી પૂર તથા આકાશી વિજળી પડવાના કિસ્સાઓ અવાર નવાર બનતા હોય છે. જેની સામે સુરક્ષા મેળવવા અંગે આગોતરી સાવચેતી તથા આપત્તિ સમયે “શું કરવુ?” અને “શું ના કરવું?” જેનું ધ્યાન રાખવા જીલ્લાના દરેક નાગરિકને મહત્વની બાબતો ધ્યાનમાં લેવા જેવી છે.

જેમ કે પૂર પહેલા નદી, વોકળા, દરિયાકાંઠાના વિસ્તારમાં ઉંચી પ્લીન્થવાળા મકાનો બાંધવા, પૂરગ્રસ્ત વિસ્તારના લૂઈ તરતા શીખવું જોઈએ, આગાહીઓ માટે રેડિયો, ટી.વી., સમાચાર સંભાળતા રહો, તંત્રની સુચના મુજબ ભયજનક સ્થળ ખાલી કરી સુરક્ષિત સ્થળે જવું, સલામત સ્થળે જતી વખતે ફાનસ, ટોર્ચ, ખાવાની વસ્તુઓ, પાણી ,કપડા, ઘર ખાલી કરતી વખતે કિંમતી સામાન તથા દસ્તાવેજ લઈ લેવા, પરિવારના દરેક સભ્ય પાસે ઓળખાણ સૂચક કાગળ રાખવા, શક્ય હોય તો નીચેના માળથી સામન ઉપરના માળ ઉપર ખસેડવો, પ્રાણીઓને સલામત સ્થળે ખસેડવા. ત્યાર બાદ પૂર દરમ્યાન સલામત અને સંરક્ષિત સ્થળોએ બેસી રહેવું, સાચી માહિતી મેળવવાનો પ્રયત્ન કરવો, સલામત સ્થળે ખસવા અંગેની સરકારી જાહેરાતને આપી અનુસરવું, વીજ પુરવઠો બંધ કરવો, ખુલ્લા વાયરોને અડવો નહિ.

ત્યાર પછી પૂર બાદ તરતા આવડતું હોય તો ડૂબતાઓને બચાવવા, ઉમદા અજાણ્યા પાણીમાં પ્રવેશવું નહિ, પુરના પાણી ઓસરી ગયા બાદ નદીના કાંઠાળા વિસ્તારમાં જવું નહી, ક્લોરીન યુક્ત પાણી પીવું, પાણી ઉકાળીને પીવું, સુરક્ષિત ખોરાક જ ખાવો, ગંદા ભરાયેલા પાણીમાં દવાનો છંટકાવ કરવો, રાહત સર્વે ટુકડીઓને નુકશાનની સાચી વિગતો આપી સહકાર આપવો, રાહત સામગ્રીનાં યોગ્ય વિતરણ માટે સ્થાનિક સમિતિ/ સ્વયં સેવક ટુકડીઓ પાડી આવશ્યકતા મુજબ વ્યવસ્થિત વિતરણ કરવું, ભયજનક-નુકશાન પામેલ મકાનમાં પ્રવેશ કરવો નહી.

વરસાદ વખતે આકાશી વિજળી દરમ્યાન ધ્યાનમાં રાખવાની બાબતોમાં જ્યારે ઘરની અંદર હોવ ત્યારે વીજળીથી ચાલતા ઉપકરણોથી દુર રહેવું, તારથી ચાલતા ફોનનો ઉપયોગ ન કરવો, બારી-બારણાં અને છતથી દુર રહેવું, વીજળીના વાહક બને તેવી કોઈ પણ ચીજ વસ્તુથી દુર રહેવું, ધાતુથી બનેલા પાઈપ, નળ, ફુવારો, વોશબેસીન વગેરેના સંપર્કથી દુર રહેવું.



શ્રી હિંમત હાઈસ્કુલ, હિંમતનગર નું ગૌરવ...ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું ઓનલાઈન પરીણામ જાહેર કરવામાં આવ્યું છે,જેમાં શ્રી હિંમત હાઈસ્કૂલ, હિંમતનગર એ ખુબજ ઊંચુ પરિણામ પ્રાપ્ત કર્યું છે. જેમાં A1 ગ્રેડમાં ૨, A2 ગ્રેડમાં ૧ અને B1 ગ્રેડમાં ૧૫ વિધાર્થીઓએ સ્થાન મેળવ્યું છે. શાળામાં સૌ પ્રથમ નંબર પટેલ શ્રેય વિષ્ણુ કુમાર (A1 ગ્રેડ, ૯૮.૩૪, PR) પ્રાપ્ત કરે છે, દ્વિતીય નંબર પટેલ શ્રેયા જીગ્નેશ કુમાર (A1 ગ્રેડ , ૯૭.૮૪, PR)તથા તૃતીય નંબર પંચાલ પૂર્વી નરેશકુમાર (A2 ગ્રેડ, ૯૦.૫૯, PR) મેળવી ઉત્તીર્ણ થયા છે. શાળાનું ગૌરવ વધારવા બદલ તમામ વિદ્યાર્થીઓને કેળવણી મંડળ તથા શાળાના આચાર્ય સુરેશભાઈ એસ.પટેલ અને શાળા પરિવાર વતીથી ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે.

# લાંકની સગીરાનું અપહરણ

## લગ્નની લાલચ આપી સ્થાનિક યુવક ભગાડી ગયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

બાયડ તાલુકાના લાંક ગામના ઝાલા પરિવારની સગીરાને લગ્ન કરવાની લાલચ આપી અર્જુન મંગળભાઈ ઝાલા અપહરણ કરી ભગાડી જતાં પોલીસ ફરિયાદ થઈ છે. બનાવ અંગે બાયડ પોલીસે અપહરણ તેમજ પોકસોનો ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી શરૂ કરી છે.છેલ્લા કેટલાક સમયથી સગીરાઓના અપહરણના કિસ્સા ચોંકાવનારી રીતે વધ્યા છે. તાલુકાના લાંક ગામની સગીરાને વાતોમાં ભોળવી અર્જુન ઝાલા તા.૯ ના રોજ તેણીનું અપહરણ કરી ભગાડી ગયો હતો. સગીર પુત્રી ગુમ થતાં ઝાલા પરિવારે શોધખોળ કરી હતી જેમાં ગામનો જ ઈસમ બદકામ કરવાના ઈરાદાથી ભગાડી ગયો હોવાનું જાણવા મળતાં બાયડ પોલીસને જાણ કરી યુવક વિરૂદ્ધ ફરિયાદ આપી છે.

# બનાસ ડેરીમાં નોકરી અપાવવાના બહાને ઠગાઈ કરનારા સામે પોલીસ ફરિયાદ

પાલનપુર, તા. ૧૭

ફરિયાદની વિગતો મુજબ ચૌધરી બાબુભાઈ રામજીભાઈ અને ચૌધરી ભાવિક બાબુભાઈએ બનાસડેરીમાં ઉચ્ચ હોદ્દા ઉપર નોકરી કરે છે, તેવી ખોટી માહિતીઓ આપીને મુ. જગાપુર તા. વડનગર જિ. મહેસાણાના ઠાકોર વિપુલજી વિષ્ણુજીને બનાસ ડેરીમાં નોકરી આપાવવા માટે રૂ. ૪,૫૨,૦૦૦/- લઈને બનાવટી એપોઈન્ટમેન્ટ લેટર આપેલો, આવા કુલ ૧૯ ઉમેદવારો પાસેથી મોટી રકમ લઈને એપોઈન્ટમેન્ટ લેટર આપતાં છેતરપીંડીનો ભોગ બનેલા ઉમેદવારો એપોઈન્ટમેન્ટ લેટર સાથે બનાસડેરીમાં નોકરીમાં હાજર થવા આવતાં સમગ્ર કિસ્સાનો ભાંડો ફૂટ્યો હતો. આ મામલે બનાસ ડેરીનું તંત્ર હરકતમાં આવી જતા આરોપી પિતા-પુત્ર સામે બનાસડેરીના બનાવટી પેડ પર ખોટા એપોઈન્ટમેન્ટ ઓર્ડર આપી, ખોટું રેકોર્ડ બનાવી મોટી રકમ મેળવીને છેતરપિંડી આચરવા બદલ બનાસ ડેરીએ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશને ઈ.પી.કો કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧ અને ૧૧૪ મુજબ ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી ચાલુ કરેલ છે.

## જન્મદિને વધામણી



હની ધનજીભાઈ દેસાઈ
બોરમઠ, તા.બાયડ



ઝૈદ સૈલાબસાબ રાણા
ડેમાઈ, તા.બાયડ



સારા રવિકુમાર પટેલ
(શ્રીજીચરણ સોસાયટી)
રડોદરા (બાયડ)



કલ્યાણી મિલનકુમાર પટેલ
(વ્રજભૂમિ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી



મયુર કે. સોલંકી
(સેનેટરી ઈન્સ્પેક્ટર : બાયડ નગરપાલિકા)
બાયડ(અમદાવાદ)



ભરતભાઈ એમ. પટેલ
(ગાયત્રી માર્બલ એન્ડ સ્ટીલ-બાયડ)
બાયડ, જિ.અરવલ્લી



ધીરજભાઈ કે. પટેલ
(બંસીધર હાર્ડવેર સ્ટોર્સ-બાયડ)
માધવકંપા(બાયડ)

**ઘરમાં રહો, સુરક્ષિત રહો**